सत्यमेव जयते

| GJKT100010072025 | આંકઃ– | ૨૬/બી | | |
|---|---|---|---|---|
| | દાખલ થયા તારીખઃ | ૨૬–૦૩–૨૦૨૫ | | |
| | રજીસ્ટરે લીધા તારીખઃ | ૨૬–૦૩–૨૦૨૫ | | |
| | નિકાલ થયા તારીખઃ | ૧૫–૦૬–૨૦૨૬ | | |
| | <u>સમયગાળોઃ</u> | <u>વર્ષ</u> | <u>માસ</u> | <u>દિવસ</u> |
| | | ૦૧ | ૦૨ | ૨૦ |

---

## ના.શ્રી અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.અંજાર–કચ્છ

---

<u>ફોજદારી કેસ નં.૪૭૮/૨૦૨૫</u>

**શ્રી સરકાર** **::::: ફરીયાદી.**

**વિરુદ્ધ**

**ઈશ્વરભાઈ સ/ઓ કરશનભાઈ વરચંદ,(આહિર)**
ઉ.વ.આ.૪૦, ધંધોઃટ્રાન્સપોર્ટ
રહે.ગામ–રામવાવ,તા.રાપર,જી.કચ્છ. **::::: આરોપી.**

---

**ગુન્હોઃ- ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૨૮૧,૧૦૬(૧) તથા એમ.વી. એક્ટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો.**

---

---

**ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી એન.એસ.ઠક્કર.**
**આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એસ.ડી.ગઢવી.**

---

<u>–:: ઠ રા વ ::–</u>

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૧/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૨૦:૦૦ વાગ્યાના અરસામાં ગામ–

**ફો.કે.નં.૪૭૮/૨૦૨૫**

વરાસણા ની સીમમાં ભચાઉ–ગાંધીધામ નેશનલ હાઈવે પર આ કામના આરોપીએ પોતાના કબ્જાનું વાહન જેના રજી.નં.GJ–12–FD–0456 વાળુ પુરઝડપે અને બેદરકારી ગફલતભરી રીતે ચલાવી આ કામના ફરીયાદીના કાકા ના દિકરા ક્રિષ્ના શાહીને અડફેટે લેતા તેને માથાના ભાગે તથા શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી કાર મુકી ત્યાંથી નાસી જઈ, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧,૧૦૬(૧) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો ગુન્હો કરેલ. તે મતલબની ફરીયાદ નોંધાવતા જે તે સમયના અંજાર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૩૨૪ ૧૦૬૭/૨૦૨૪ થી ગુન્હો દાખલ કરી આગળની તપાસ ત.ક.અ.શ્રીને સોપતા તપાસના અંતે તેઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧,૧૦૬(૧) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** ઉપરોક્ત વિગતે ગુન્હાનું આરોપી સામેનું ચાર્જશીટ રજુ થતા આરોપીને સમન્સ કરતા આરોપીઓ તેમના વકીલશ્રી મારફતે નામદાર અદાલત સમક્ષ ઉપસ્થિત થતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે આરોપીને તેઓની સામેના પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવી હોવાની ખાત્રી કરીને આંક–૦૩ થી આરોપી પર ત્હોમતનામું ફરમાવી આંક–૦૪ લગત આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા માંગણી કરતા ફરીયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલો.

**(૩)** ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવોઃ–</u>**

| ક્રમ નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ રાજેશ ભગુભાઈ વરચંદની જુબાની. | ૦૬ |
| ૨ | ફરીયાદી ગણેશ બહાદુર શાહીની જુબાની. | ૦૯ |
| ૩ | સાહેદ સંજયસિંહ મુનીસીંગ રાજપુતની જુબાની. | ૧૧ |

| | | |
|---|---|---|
| ૪ | પંચ સાહેદ મુરલીભાઈ દેવજીભાઈ આહીરની જુબાની. | ૧૨ |
| ૫ | પંચ સાહેદ રામબાબુ રામરાજ રાજપુતની જુબાની. | ૧૪ |

**દસ્તાવેજી પુરાવોઃ–**

| ક્રમ નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ. | ૧૦ |
| ૨ | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ. | ૧૩ |
| ૩ | મરણોત્તર પંચનામાની ખરી નકલ. | ૧૫ |

(૪) આ કામે પુરાવો લીધા બાદ આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં આરોપીએ ફરીયાદપક્ષના કેસનો ઈન્કાર કરી વિશેષમાં જણાવે છે કે, "અમો નિર્દોષ હોઈ, અમારા પર ખોટો કેસ કરેલ હોઈ, અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે."

(૫) ત્યારબાદ સદરહું કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની અને આરોપી તરફે તેમના વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળી.

(૬) બન્ને પક્ષે રજુ થયેલ પુરાવો અને રજુઆતો ધ્યાને લેતા આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓઃ–**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૧/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૨૦:૦૦ વાગ્યાના અરસામાં ગામ– વરાસણા ની સીમમાં ભચાઉ–ગાંધીધામ નેશનલ હાઈવે પર આ કામના આરોપીએ પોતાના કબ્જાનું વાહન જેના રજી.નં.GJ–12–FD–0456 વાળુ પુરઝડપે અને બેદરકારી ગફલતભરી રીતે ચલાવી આ કામના ફરીયાદીના કાકા ના દિકરા ક્રિષ્ના શાહીને અડફેટે લેતા તેને માથાના ભાગે તથા શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી કાર મુકી ત્યાંથી નાસી જઈ, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧,૧૦૬(૧) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭,૧૮૪,

૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર એવો ગુન્હો કરેલ છે ?

(૧) શું હુકમ

(૭) પ્રસ્તુત મુદ્ધાઓના મારા ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

<u>નિર્ણયઃ-</u> (૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) પ્રસ્તુત મુદ્ધાઓના મારા ઉપરોક્ત ન્યાયિક નિર્ણય સંબંધેના કારણો નીચે મુજબ છે.

**<u>પક્ષકારોનો મૌખિક પુરાવોઃ-</u>**

(૯) ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ આક્ષોપો પુરવાર કરવા માટે જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા ફરીયાપક્ષ તરફે સાહેદ રાજેશભાઈ ભગુભાઈ વરચંદ નાઓને આંક-૦૬ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે જેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, તેઓ ઈશેવરભાઈ કરશનભાઈ વરચંદને ઓળખે છે, તેઓ તેમના મિત્ર થાય છે, તેમની સાથેનો હાલનો આ અકસ્માતનો બનાવ આજથી એકાદ વર્ષ પહેલા બનેલ, બનાવ સમયે તેઓ તેમના જામીન પોલીસ સ્ટેશનમાં પડેલા, આ ઈશ્વરભાઈની સ્કોર્પીયો ગાડીનો અકસ્માત થયેલ અને કઈ જગ્યાએ અકસ્માત થયેલ તે તેઓ જાણતા નથી, આ ઈશ્વરભાઈએ તેમને જામીન પડવા માટે જાણ કરતા અકસ્માત થયેલ હોવાનું જાણ થયેલ આ સિવાય તેઓ બનાવ વિશે બીજુ કંઈ જાણતા નથી, પોલીસે બનાવ સંબંધે તેમનો કોઈ જવાબ લીધેલ નથી.

આમ, સદર સાહેદ તેમના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ કેવી રીતે બનેલ તેની તેમને જાત માહીતી નથી અને પોલીસે તેમની જાત માહીતી પુછી તેમની સહી લીધેલી.

**(૧૦)** ત્યારબાદ ફરીયાદપક્ષે ફરીયાદી ગણેશ બહાદુર શાહી નાઓને આંક–૦૯ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે જેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, આ અકસ્માત મરણ જનાર ક્રિષ્ના તેમનો કાકાઈ ભાઈ થતો હતો, ક્રિષ્નાની સાથેનો અકસ્માતનો બનાવ આજથી આશરે એક દોઢ વર્ષ અગાઉ બનેલો, આ બનાવ બનેલ ત્યારે તેઓ આદીપુર તેમના ઘરે હતા, તેમને બનાવ પછી છ એક વાગ્યે ક્રિષ્ના ના નાનાભાઈ ગગન બહાદુર શાહીનો નેપાળથી ફોન આવેલ અને તેમને જણાવેલ કે ક્રિષ્ના બહાદુરનો કચ્છ મધ્યે એક્સીડન્ટ થયેલ છે તેઓ તેની સાથે કામ કરતા એક ભાઈનો ફોન આવેલ છે હું તેમને આ ફોન નંબર આપુ છુ તમે તેનાથી વાતચીત કરી લો.ત્યારબાદ તેઓએ આ ફોન નંબર પર સંજયસિંહ સાથે વાતચીત કરતા સંજયસિંહે ફરીયાદીને જણાવેલ કે, ક્રિષ્ના બહાદુરનું વરસાણા હાઈવે રોડ પર આવેલ એક કંપની પાસે હોટલ પરથી ક્રિષ્ના બહાદુર રોડ ક્રોસ કરીને જતા હતા ત્યારે એક ફોર વ્હીલ ગાડી વાળો તેની સાથે ભટકાવીને અકસ્માત કરેલ છે, અકસ્માત કરતા ક્રિષ્ના બહાદુરનો આવસાન થઈ ગયેલ છે અને આ ક્રિષ્ના બહાદુરની લાશ અંજાર સરકારી હોસ્પિટલમાં છે, અંજાર સરકારી હોસ્પિટલમાં પહોંચતા ત્યાં સંજયસિંહ હાજર હતા અને ત્યાં ક્રિષ્ના બહાદુરની લાશનું પી.એમ. થઈ ગયેલ હતુ, ત્યારબાદ તેઓએ આ ક્રિષ્ના બહાદુરનું આદિપુર મધ્યે અંતીમ સંસ્કાર કરેલ, ત્યારબાદ તેઓએ આ બનાવ અંગે અંજાર પોલીસને ફરીયાદ આપેલી તેમને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે જે જેમાં તેમની સહી ઓળખે છે જે આંક–૧૦ થી રજુ છે.

બચાવપક્ષે સદર ફરીયાદીની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી બનાવ કેવી રીતે બનેલ તે તેઓ કહી શકે નહી, ડ્રાઈવર કોણ હતા તેની તેમને ખબર નથી, આ ગાડીના નંબર તેઓએ લખાવેલ નથી, તેઓએ કોર્ટમાં વળતર મેળવવા માટે કેસ કરેલ છે.

**(૧૧)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ સંજયસિંહ મુનીસીંગ રાજપુત નાઓને આંક–૧૧ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે જેઓ તેમના

પુરાવામાં જણાવે છે કે,તેઓ આ અકસ્માતમાં મરણ જનાર ક્રિષ્ના બહાદુરને ઓળખતા હતા તે એક કંપનીમાં કામ કરતા હતા, તેની સાથેનો હાલનો આ બનાવ આઝથી આશરે એકાદ વર્ષ અગાઉ બનેલો, આ અકસ્માતનો બનાવ સુમીલોન કંપનીની સામે આવેલ નેશનલ હાઈવે–૮ પર સાંજના ૦૭:૩૦ થી ૦૮:૦૦ વાગ્યાની આસપાસ બનેલો. આ અકસ્માત બનેલો ત્યારે તેઓ સુમીલોન કંપનીમાં હતા ત્યારે તેમના સુપરવાઈઝર અમીતસિંહનો ફોન આવેલ અને કહેલ કે ક્રિષ્ના બહાદુરનું કંપની સામે અકસ્માત થયેલ છે, તેમને જાણ થતા તેઓ તરત જ બનાવવાળી જગ્યાએ પહોંચેલા અને જોયું તો ત્યાં એક સ્કોર્પીયો ગાડી પડેલ હતી અને તનાથી પચાસેક મીટર દુર ક્રિષ્ના બહાદુર પડેલ હતો જેથી તેઓએ તરત જ એમ્બ્યુલન્સને ફોન કરતા એમ્બ્યુલન્સ આવી ગયેલ અને ક્રિષ્ના બહાદુરને ચેક કરતા ક્રિષ્ના બહાદુરનું અવસાન થઈ ગયેલાનું જણાવેલ. રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે ભચાઉ તરફતી ગાંધીધામ તરફ જતી સ્કોર્પીયો કે જે કાળા રંગની હતી તે તેની સાથે ભટકાયેલ. આ સ્કોર્પીયો ગાડીના નંબર હાલ તેમને યાદ નથી. આ સ્કોર્પીયો ગાડી ઈશ્વરભાઈ ચલાવતા હતા સાહેદે તેમને જોયેલા, તેઓ ઈશ્વરભાઈને જોયેથી ઓળખે છે સાહેદ આરોપીને આંગળીથી ઈશારો કરી ઓળખી બતાવે છે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, આ બનાવ તેઓએ નજરે જોયેલ નથી, હાલના આરોપીને તેઓએ આ ગાડી ચલાવતા જોયેલ નથી, બનાવની જાણ તેમને ફોનથી થતા ત્યાં ગયેલ, બનાવ વખતે તેઓ ઓન ધ સ્પોર્ટ હાજર ન હોય વાહન કઈ રીતે આવતા હતા અને કઈ તરફ જતા હતા તે કહી શકે નહી. સાહેદ જણાવે છે કે, તેમને અમીતસીંઘે આ બતાવેલ. એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમના પોલીસ રૂબરુના નિવેદનમાં તેમને અમીતસીંઘે જણાવેલ છે તે વાત લખાવેલ નથી.

**(૧૨)** ત્યારબાદ ફરીયાદપક્ષે પંચ સાહેદ મુરલીભાઈ દેવજીભાઈ આહિર નાઓને આંક–૧૨ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે જેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, પોલીસે તેમને ક્યાય પંચ તરીકે બોલાવેલ નથી,

તેઓ પોલીસ સાથે ક્યાય ગયેલ નથી, તેમની હાજરીમાં પોલીસે કોઈ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ નથી, એક તૈયાર પંચનામામાં અંજાર પો.સ્ટે.ની બહાર તેમની સહી લીધેલી. તે સિવાય પંચનામા વિશે તેઓ કંઈ જાણતા નથી. તેમને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી ઓળખે છે જે આંક-૧૩ થી રજુ છે.

આમ, સદર પંચ સાહેદ તેમના પુરાવામાં પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા પંચનામાને સમર્થનકારી કોઈ પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે સદર પંચ સાહેદની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ કંઈ જાણતા નથી.

**(૧૩)** ત્યારબાદ ફરીયાદપક્ષે પંચ સાહેદ રામબાબુ રામરાજ રાજપુત નાઓને આંક-૧૪ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે જેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, પોલીસે તેમને ક્યાય પંચ તરીકે બોલાવેલ નથી, તેઓ પોલીસ સાથે ક્યાય ગયેલ નથી, તેમની હાજરીમાં પોલીસે કોઈ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ નથી, એક તૈયાર પંચનામામાં અંજાર પો.સ્ટે.ની બહાર તેમની સહી લીધેલી. તે સિવાય પંચનામા વિશે તેઓ કંઈ જાણતા નથી. તેમને આંક-૧૩ વાળા પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી ઓળખે છે.

આમ, સદર પંચ સાહેદ તેમના પુરાવામાં પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા પંચનામાને સમર્થનકારી કોઈ પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે સદર પંચ સાહેદની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ કંઈ જાણતા નથી.

**(૧૪)** સદર કામે ત.ક.અ.શ્રીને સી.આર.પી.સી. કલમ-૩૫૦ ની નોટીસ કાઢતા જે તેમના વ્હોટસઅપ નંબર પર બજેલ હોવા છતાં ત.ક.અ.

પુરાવો આપવા માટે નામદાર કોર્ટ સમક્ષ હાજર રહેલ ન હોય જેથી ફરીયાદપક્ષના પુરાવાનો હક્ક બંધ કરાનો આંક-૦૧ તળે હુકમ કરવામાં આવેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકન:-</u>**

**(૧૫)** આપણી ફોજદારી ન્યાય વિતરણ પધ્ધતિ મુજબ પ્રોસીક્યુસન પક્ષે આરોપી સામે આક્ષેપાયેલા ગુન્હાઓ યોગ્ય પુરાવો રજુ કરીને નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી પ્રોસીક્યુશન પક્ષની થાય છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી.

**(૧૬)** ફરીયાદપક્ષે પોતાને કેસ પુરવાર કરવા માટે કુલ પાંચ સાહેદોને તપાસવામાં આવેલ છે. જેમાં આંક-૦૬ સાહેદ રાજેશભાઈ ભગુભાઈ વરચંદ, આંક-૦૯ થી ફરીયાદી ગણેશ બહાદુર શાહી, આંક-૧૧ થી સાહેદ સંજયસિંહ મુનીસીંગ રાજપુત, આંક-૧૨ થી પંચ સાહેદ મુરલીભાઈ દેવજીભાઈ આહીર તથા આંક-૧૪ થી પંચ સાહેદ રામબાબુ રામરાજ રાજપુત નાઓને તપાસવામાં આવેલ છે.

પ્રોસીક્યુશન તરફે આંક-૧૦ થી અસલ ફરીયાદ, આંક-૧૩ થી સ્થાનીક જગ્યાના પંચનામાની ખરી નકલ તથા આંક-૧૫ થી મરણોત્તર પંચનામાની ખરી નકલ રજુ થયેલ છે.

**(૧૭)** સદર કામે આંક-૧૩ વાળા સ્થાનીક જગ્યાના પંચનામામના પંચ સાહેદો પૈકી આંક-૧૨ થી પંચ સાહેદ મુરલીભાઈ દેવજીભાઈ આહીર તથા આંક-૧૪ રામબાબુ રામરાજ રાજપુત નાઓના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ઉપરોક્ત પંચ સાહેદો તેમના પુરવામાં પંચનામાને સમર્થનકારી હકીકત જણાવતા ન હોઈ ફરીયાદપક્ષે ઉપરોક્ત પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરેલા છે અને સર તપાસના પુરાવામાં તેમની હાજરીમાં કોઈ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ નથી અને તૈયાર લખેલા પંચનામામા અંજાર પોલીસ સ્ટેશન બહાર સહી લઈ લીધેલ હોવાનું જણાવી ફક્ત પંચનામામાં સહી હોવા પુરતો પુરાવો આપેલ છે. બચાવપક્ષ દ્વારા લીધેલ ઉલટ તપાસમાં એ વાત કબુલ રાખે છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા

સિવાય કંઈ જાણતા નથી. આમ, ઉપરોક્ત પંચ સાહેદોના પુરાવાથી આંક–૧૩ વાળું સ્થાનીક જગ્યાનું બિનપુરવાર રહેલ છે.

**(૧૭.૧)** ત્યારબાદ સદર કામે આંક–૦૯ થી ફરીયાદી ગણેશ બહાદુર શાહીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેમના પુરાવામાં આંક–૧૦ થી અસલ ફરીયાદ રજુ થવા પામેલ છે. સદર ફરીયાદીનો સર તપાસનો પુરાવો વંચાણે લેવામાં આવે તો બનાવ સમયે તેઓ બનાવવાળી જગ્યાએ હાજર ન હતા તેઓને બનાવ અંગેની જાણકારી સંજયસિંહ સાથે ફોન પર વાતચીત કરતા થયેલી. ક્રિષ્ના બહાદુર રોડ ક્રોસ કરતા હતા ત્યારે એક ફોર વ્હીલ ગાડી વાળા સાથે અકસ્માત થતા તેમનું મોત થયેલ હોવાનું તેમને જાણવા મળેલ. જ્યારે બચાવપક્ષે ઉલટ તપાસમાં એ વાત સ્પષ્ટપણે કબુલ રાખે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી બનાવ કેવી રીતે બનેલ તે તેઓ કહી શકે નહી, ડ્રાઈવર કોણ હતા તેની તેમને ખબર નથી, આ ગાડીના નંબર તેઓએ લખાવેલ નથી, તેઓએ કોર્ટમાં વળતર મેળવવા માટે કેસ કરેલ છે. આમ, સદર ફરીયાદીના સમગ્ર પુરાવા પરથી આ કામના આરોપીએ પોતાના કબ્જાનું વાહન જેના રજી.નં.GJ–12–FD–0456 વાળુ પુરઝડપે અને બેદરકારી ગફલતભરી રીતે ચલાવી આ કામના ફરીયાદીના કાકા ના દિકરા ક્રિષ્ના શાહીને અડફેટે લેતા તેને માથાના ભાગે તથા શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી કાર મુકી ત્યાંથી નાસી ગયેલ હોય તે હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી.

**(૧૭.૨)** ત્યારબાદ સદર કામે આંક–૧૧ થી સાહેદ સંજયસિંહ મુનીસીંગ રાજપુતના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓ મ.જ. ક્રિષ્ના સાથે કંપનીમાં કામ કરતા હતા અને તેમને બનાવ અંગેની જાણ તેમની કંપનીના સુપરવાઈઝર અમીતસિંહએ ફોન દ્વારા કરતા તેઓ અકસ્માત વાળી જગ્યાએ ગયેલા અને ત્યાં એક સ્કોર્પીયો ગાડી અને ક્રિષ્ના બહાદુર પડેલ હતા. આ સ્કોર્પીયો ગાડીના નંબર તેમને યાદ ન હોવાનું જણાવે છે. જ્યારે બચાવપક્ષે ઉલટ તપાસમાં એ વાત સ્પષ્ટપણે કબુલ રાખે છે કે,આ બનાવ તેઓએ નજરે જોયેલ નથી, હાલના આરોપીને તેઓએ આ ગાડી ચલાવતા

જોયેલ નથી, બનાવની જાણ તેમને ફોનથી થતા ત્યાં ગયેલ, બનાવ વખતે તેઓ ઓન ધ સ્પોર્ટ હાજર ન હોય વાહન કઈ રીતે આવતા હતા અને કઈ તરફ જતા હતા તે કહી શકે નહી. સાહેદ જણાવે છે કે, તેમને અમીતસીંઘે આ બતાવેલ. એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમના પોલીસ રૂબરુના નિવેદનમાં તેમને અમીતસીંઘે જણાવેલ છે તે વાત લખાવેલ નથી. આમ, સદર સાહેદની સરતપાસ અને ઉલટ તપાસ સાથે વંચાણે લવામાં આવે તો તેમાં વિરોધાભાસી હકીકત નીકળી આવે છે. આમ, સદર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષે મદદકર્તા સાબિત થતો નથી.

**(૧૭.૩)** ત્યારબાદ સદર કામે આંક–૦૬ થી સાહેદ રાજેશભાઈના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર સાહેદને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે. તેઓ ઈશ્વર કરશન વરચંદને ઓળખે છે તેમની સ્કોર્પીયો ગાડીથી અકસ્માત થયેલનું જણાવે છે પરંતુ કઈ જગ્યાએ અકસ્માત થયેલ તે તેઓ જાણતા નથી. જ્યારે બચાવપક્ષે ઉલટ તપાસમાં એ વાત સ્પષ્ટપણે કબુલ રાખે છે કે, બનાવ કેવી રીતે બનેલ તેની તેમને જાત માહીતી નથી. આમ, સદર સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષે મદદકર્તા સાબિત થતો નથી.

**(૧૮)** બચાવપક્ષની સંમતીથી આંક–૧૫ થી રજુ મરણોત્તર પંચનામાની ખરી નકલ પરંતુ ઉપરોક્ત મરણોત્તર પંચનામાની ખરી નકલ સાંયોગીક પુરાવા હોય અને જ્યારે ફરીયાદી, પંચ સાહેદો તથા સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય સદર પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બની શકે નહી.

સદર ફરીયાદ કામે ફરીયાદપક્ષે જે સાક્ષીઓ તપાસવામાં આવેલ છે તેનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષ તેઓનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(૧૮)** આમ, ઉપરોક્ત સમગ્ર ચર્ચા પરથી એ હકીકત પુરવાર થાય છે કે, ખુદ ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ફરીયાદી તથા પંચ સાહેદો તેમની સોગંદ પરની જુબાનીમાં આરોપી વિરુદ્ધ આક્ષેપ મુજબનો પુરાવો રજુ કરતા નથી. આમ, છતાં આ કામે જો

કોઈ સાહેદને તપાસવામાં આવે તો પણ ફરીયાદપક્ષના કેસને પુરવાર કરી શકે તેવા સંજોગો નથી કેમ કે મુળ ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી જેથી રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી ફરીયાદપક્ષ આરોપી વિરુદ્ધનો પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.(૧) નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.(૨) નાં પ્રત્યુતરરૂપે આખરી આદેશ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

**(૧)** આ કામનાં આરોપી **ઈશ્વરભાઈ સ/ઓ કરશનભાઈ વરચંદ,(આહિર)** ઉ.વ.આ.૪૦, ધંધોઃટ્રાન્સપોર્ટ, રહે.ગામ-રામવાવ, તા.રાપર, જી.કચ્છ નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી.એક્ટની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ શિક્ષાને પાત્ર એવા ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ ની જોગવાઈ મુજબ જામીન આપવા.

હુકમ આજરોજ **તારીખઃ૧૫મી,માહે:જુન,સને-૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૫/૦૬/૨૦૨૬
સ્થળ: અંજાર-કચ્છ

**(બી.આર.વાઘેલા)**
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અંજાર-કચ્છ
જજ કોડ: જી.જે.૦૦૯૯૩.

//એચ.એન.ભાવસાર//